# SAURASHTRA UNIVERSITY
**Exam Cell Section**
University Campus, University Road, Rajkot – 360005
Phone No.: (0281) 2576511 Ext. No. 707 – 710
E-mail Id: exam06@sauuni.ac.in


| No. Exam Cell / 2507665 / 2025 | Dt. 30 / 06 / 2025 |
|---|---|

**પરિપત્ર :–**

**વિષય :**– અન્ય યુનિવર્સિટીમાંથી NEP-2020 મુજબ સેમેસ્ટર–૩ અને ૫ માં પ્રવેશ બાબત.
**સંદર્ભ :**– (૧) અત્રેના વિભાગનો તા.૧૭–૦૯–૨૦૨૪ નો પરિપત્ર ક્રમાંક : ૨૪૧૭૨૯૫ / ૨૫.
(૨) વિભાગની તા.૩૦–૦૫–૨૦૨૫ ની નોંધ પર મળેલ આદેશ.

આથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવાનું કે, અન્ય યુનિવર્સિટીમાંથી સેમેસ્ટર–૧ અને ૨ પાસ થયેલ વિદ્યાર્થીઓને અત્રેની યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં ચાલતા અભ્યાસક્રમો જેવાકે B.A. / B.Com. / B.C.A. / B.B.A. / B.Sc. / B.Sc. I.T. / B.Sc. Home Science / B.R.S. / B.S.W. ના સેમેસ્ટર–૩ માં પ્રવેશ માટે શી કાર્યવાહી કરવાની રહેશે તે માટે સંદર્ભ–૧ થી અગાઉ પરિપત્ર કરવામાં આવેલ.

વધુમાં અન્ય યુનિવર્સિટીમાંથી સેમેસ્ટર–૧ અને ૨ તેમજ સેમેસ્ટર–૧ થી ૪ પાસ થયેલ વિદ્યાર્થીઓને સેમેસ્ટર–૩ અને ૫ માં પ્રવેશ લેવાનો હોય તો તેવા કિસ્સામાં નીચે મુજબના ડોકયુમેન્ટ સામેલ રાખી અરજી કરવાની રહેશે.

૧) વિદ્યાર્થીની અરજી
૨) સેમેસ્ટર–૩ માં પ્રવેશ માટે સેમેસ્ટર–૧ અને ૨ પાસની નકલ
તથા સેમેસ્ટર–૫ માં પ્રવેશ માટે સેમેસ્ટર–૧ થી ૪ પાસની નકલ
૩) ABC (Academic Bank of Credits) ID ફરજીયાત હોવું જોઈએ, જો ABC ID બનાવેલ નહિ હોય અને વિદ્યાર્થી પ્રવેશ માટે લાયકાત ધરાવતો હશે તો તેવા કિસ્સામાં ABC ID બનાવવાની શરતે પ્રવેશ આપવામાં આવશે જે અંગેની તમામ જવાબદારી વિદ્યાર્થીની રહેશે.
૪) NEP-2020 મુજબ સેમેસ્ટર–૩ માટે સેમેસ્ટર–૧ અને ૨ માં ઓછામાં ઓછી ૨૨ ક્રેડિટ પ્રતિ સેમેસ્ટર અને સેમેસ્ટર–૫ માટે સેમેસ્ટર–૧ થી ૪ માં ઓછામાં ઓછી ૨૨ ક્રેડિટ પ્રતિ સેમેસ્ટર હોવી ફરજીયાત છે (એક સેમેસ્ટરમાં ૨૧ ક્રેડિટ અને બીજામાં ૨૩ ક્રેડિટ બંનેની સરેરાશ ૨૨ ક્રેડિટ ગણવાની રહેશે નહિ, જેની ખાસ નોંધ લેશો.)
૫) અગાઉ જે યુનિવર્સિટીમાં જે કોર્ષ જેટલા સેમેસ્ટર કરેલ હોય તે કોર્ષના સિલેબર્સની નકલ સામેલ રાખવી.

ઉપર મુજબના ડોકયુમેન્ટ સામેલ રાખી અરજી પરીક્ષા સેલ વિભાગમાં કરવાની રહેશે, ત્યારબાદ જે તે ફેકલ્ટી ડીન / વિષય નિષ્ણાંત ધ્વારા બંને યુનિવર્સિટીનો સિલેબર્સ ઓછામાં ઓછો ૭૦ % સામ્યતા ધરાવે છે કે કેમ ? તે અંગેની ખરાઈ થયા બાદ વિદ્યાર્થીને સેમેસ્ટર–૩ અને ૫ માં પ્રવેશ અંગેની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

વધુમાં જે વિદ્યાર્થીઓ સેમેસ્ટર–૩ અને ૫ માં પ્રવેશ માટે માન્ય રહેશે તેઓએ જો અગાઉના સેમેસ્ટરની મેળવેલ ક્રેડિટ ABC ID માં અપડેટ કરાવેલ હશે નહિ તો તેવા કિસ્સામાં તેઓને પી.ઈ.સી. ક્રેડિટ અપડેટ કરાવવાની શરતે આપવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

પરીક્ષા નિયામક

**પ્રતિ,**
– યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ તરફ...

**નકલ રવાના :–**
– માન. કુલપતિશ્રી / કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી તરફ...